# શિક્ષણમંત્રીના હસ્તે આઈઆઈટીઈના ટીવી પ્રકલ્પ 'શિક્ષાર્થ'નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩
ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) દ્વારા શિક્ષક પ્રશિક્ષણના વ્યાપને વધારવાની




વધુ એક પહેલરૂપે 'શિક્ષાર્થ - ઈનિશિએટીવ ફોર કરિક્યુલમ ટ્રાન્સેક્શન'નો પ્રારંભ કર્યો. માન. શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હસ્તે પ્રારંભ થયેલા આઈઆઈટીઈના આ ટેલિવિઝન પ્રકલ્પ દ્વારા રાજ્યની બી.એડ. કૉલેજોમાં અભ્યાસ કરી રહેલા તમામ શિક્ષક તાલીમાર્થીઓને શિક્ષક પ્રશિક્ષણના કાર્યક્રમો વંદે ગુજરાત ચેનલ નં. ૧ ના માધ્યમથી ડિશ ટીવીની ચેનલ નં. ૧૨૬૪ તથા JIO TV મોબાઈલ એપ પર વિના મૂલ્યે જોવા મળી શકશે.

ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જિયોઈન્ફોર્મેટિક્સ (બાઈસેગ) ખાતે આ પ્રકલ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રકલ્પના પ્રારંભ માટે માન. શિક્ષણમંત્રીએ આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલને અભિનંદન આપતા જણાવ્યું, "કોરોના મહામારીના કપરાકાળમાં શિક્ષણ વિભાગમાં સહુએ એક ટીમ તરીકે કાર્ય કરીને રાજ્યમાં શિક્ષણ પ્રક્રિયાને અસર ન થાય તે સુનિશ્ચિત થાય. તે માટે ઉપલબ્ધ તમામ માધ્યમોનો ઉપયોગ કરીને રાજ્યના ખૂણે ખૂણે શિક્ષણ પહોંચાડ્યુ છે, તેનો સંતોષ છે. આઈઆઈટીઈ આજથી શિક્ષાર્થ શરૂ કરી રહી છે, તેનો આનંદ છે. આઈઆઈટીઈની શિક્ષકો તૈયાર કરવાની બેવડી જવાબદારી છે."

તેમણે વધુમાં જણાવ્યું, "તમામ પ્રકલ્પોમાં મુખ્ય ઉદ્દેશ્ય શિક્ષણનો તો છે, પરંતુ તેમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો પ્રયાસ છે. આ પ્રકલ્પ શિક્ષણની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ બનશે. કંઈક વધારાનું કરીએ અને સારુ કરીએ તો જે કંઈ ખૂટતું હોય તેની પૂર્તતા થઈ જાય છે. આ બધી બાબતોને કાર્યાન્વિત કરવા સુધી હર્ષદભાઈએ આગેવાની લઈને તેને સાકાર કરી છે. જે સૂચન કરીએ છીએ, તેને હર્ષદભાઈ અને તેમની ટીમ




સ્વીકારે છે, તે માટે તેમને હું હૃદયપૂર્વક તે બદલ અભિનંદન આપું છું."

માન. શિક્ષણમંત્રીએ શિક્ષાર્થ પ્રકલ્પનો મહત્તમ લાભ લઈને આ ટીવી સુવિધાનો અસરકારક ઉપયોગ કરવાનું આહ્વાન કર્યું હતું. તેમણે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલી હેલ્પલાઈનનો નંબર ૦૭૯૨૩૯૭૩૬૧૪ જાહેર કર્યો હતો.

આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે આ પ્રકલ્પ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, "કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને અને ખાસ કરીને શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા સહુને અત્યંત ઝડપથી નવા પરિવર્તનો સાથે અનુકુલન સાધીને ટૅક્નૉલૉજી અને પ્રત્યક્ષ શિક્ષણની બ્લેન્ડેડ વ્યવસ્થા અપનાવવાની ફરજ પાડી છે. ઈન્ટરનેટ અને વર્ચ્યુઅલ કલાસરૂમના માધ્યમથી જળવાઈ રહેલી શિક્ષણ પ્રક્રિયામાં રાજ્યના જે વિસ્તારોમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીના જે પ્રશ્નો હોય તો ત્યાં ટીવી કાર્યક્રમોના માધ્યમથી અભ્યાસક્રમની સામગ્રી પહોંચાડી શકાય તે હેતુથી શિક્ષાર્થની શરૂઆત કરવામાં આવી છે."

તેમણે વધુમાં જણાવ્યું કે, "રાજ્યની તમામ બી.એડ. કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમના અભ્યાસક્રમ વિષયક કાર્યક્રમો શિક્ષાર્થના માધ્યમથી વંદેગુજરાત ચેનલ નં-૧ પર જોઈ શકશે. આ વ્યવસ્થામાં ટૅક્નિકલ સહાય પૂરી પાડવા માટે આઈઆઈટીઈ બાઈસેગની આભારી છે."

શિક્ષાર્થના પ્રારંભ સમયે જીસીઈઆરટીના નિયામકશ્રી ડૉ. ટી.એસ. જોષી., આઈઆઈટીઈના ડીન શ્રી ડૉ. કે. એચ. પાઠક ઉપસ્થિત હતા. આઈઆઈટીઈના કુલસચિવ ડૉ. હિમાંશુ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમનું સંકલન ડૉ. શીતલ હેલૈયા અને સંચાલન ડૉ. વિરલ જાદવે કર્યું હતું.

- **રવિવારે સવારે માન. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના ટેલિવિઝન પ્લેટફોર્મ - 'શિક્ષાર્થ - ઇનિશિએટિવ ફોર કરિક્યુલમ ટ્રાન્સેક્શન' નો પ્રારંભ કરાવ્યો.**
- **આ ટીવી પ્રકલ્પના માધ્યમથી શિક્ષક પ્રશિક્ષણ માટેના કાર્યક્રમોનું પ્રસારણ વંદે ગુજરાત ચેનલ નં-૧ પરથી કરવામાં આવશે. જેને ડિશ ટીવીની ચેનલ નં - ૧૨૬૪ અને JIO TV મોબાઇલ એપ મારફતે જોઈ શકાશે.**

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બાલભવન વિભાગ દ્વારા ઇન્ડિયન ટોય સ્ટોરી પર નેશનલ ઓનલાઈન વેબીનાર

ગાંધીનગર, તા. ૩
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બાલભવન વિભાગ દ્વારા ૩૧મી ડિસેમ્બરે ઈન્ડિયન ટોય સ્ટોરી પર ઓનલાઈન નેશનલ વેબીનાર યોજાયો હતો. જેમાં ડૉ. ખ્યાતિ દવે મુખ્ય અતિથિઓનું સ્વાગત કર્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે કામધેનુ યુનિવર્સિટીના એકસ્ટેંશન શિક્ષણના ડિરેક્ટર ડૉ. પ્રવીણભાઈ વાટલિયા અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહ જોડાયા હતા. જેઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયેલ મન કી બાતમાં થયેલ એક મહત્વનો વિષય રમકડાં વિશે તેમણે મનનીય રાજુવાત કરી હતી. તેઓએ બેસ્ટ રમકડાંનો પરિચય કરાવ્યો હતો. તેઓએ એક સૂત્ર આપણી સમક્ષ રજૂ કર્યું.




'ખીલોના દેવો ભવ' નું સૂત્ર આપ્યું. ડૉ. પ્રવીણભાઈ વાટલિયાએ આ પ્રસંગે જણાવ્યુ હતું કે, રમકડાં કયા પ્રકારના બનાવવા કે જેથી બાળકોને કોઈ હાનિના પહોંચે. ત્યારબાદ રમકડાંના વિષય પર ઘણી બધી અનેક મહત્વની માહિતી આપી. તેમણે વિશ્વમાં રમકડાં ક્ષેત્રે આપણું સ્થાન બતાવ્યુ. આપનો ભારત દેશ કેટલામાં ક્રમે છે. ભારતમાં સૌથી વધુ કયા દેશના રમકડાં આયાત થાય છે. તેમણે ચાઈનીઝ રમકડાની ખરાબ ગુણવત્તા વિશે ધ્યાન દોર્યું હતું. રમકડાં કેવા બનાવવા તેમાં શેનો ઉપયોગ કરવો. તેમણે એવા રમકડાં બનાવો કે જેથી નાના અને મોટા બાળકોની બાલશક્તિ, સર્જનશક્તિ, પરિવારભાવના વધે. ત્યારબાદ સમગ્ર કાર્યક્રમનું શરૂઆતથી લઈને આંટા સુધીનું આયોજન બાલભવન વિભાગના અધ્યક્ષ, ડૉ. નિમિષ વસોયાએ કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમના સંયોજક ડૉ. ખ્યાતિ દવે વેબિનારની આભારવિધિ કરી હતી.



પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ અંગ્રેજી મિડીયમ કુડાસણ દ્વારા ઓનલાઈન શિક્ષણ 'જોય ઓફ લિવિંગ' અંતર્ગત ધોરણ-૩માં અભ્યાસ કરતી ચાર્વી એ. સોલંકીએ પોતાની આગવી ઈચ્છાથી ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં જઈ જરૂરિયાતમંદ ભૂલકાઓને પુસ્તક, પેન્સિલ, રબર, કપડાં એન કેક આપી હતી. શિક્ષણ અંગે સમજણ આપી આ બાળકીએ જોય ઓફ લિવિંગને સાચા અર્થમાં અનુભવ્યો હતો.

## આર જી પટેલ કન્યા શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩
જિલ્લા કક્ષાનો રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ (ઓન એર) સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા, સેકટર-૨૩, ગાંધીગરમાં અભ્યાસ કરતી ધોરણ-૯ની નવ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી જોષી ખુશી પરેશભાઈ જ્ઞાન પ્રણાલી 'ટકાઉ જીવનનિર્વાહ માટે પરંપરાગત જ્ઞાણ પ્રણાલી અપનાવવી' વિષય આધારિત પ્રોજેક્ટની પસંદગી પર સુંદર પીપીટી તથા નિદર્શન રજૂ કરવામાં આવ્યો હતો. જેને ધ્યાને લઈ નિર્ણાયકો દ્વારા તેના




આ પ્રોજેક્ટને રાજયકક્ષાએ સ્પર્ધા માટે યોગ્ય ગણી પસંદગી કરવામાં આવી હતી. આગામી સમયમાં રાજય કક્ષાની સ્પર્ધામાં ઉપરોક્ત વિષય સાથે જોષી ખુશી પરેશભાઈ શાળાનું પ્રતિનિધિત્વ કરશે.

તેના આ ઉત્તમ પ્રયત્ન અને સફળતા માટે શાળાના વિજ્ઞાન શિક્ષકો તથા શાળાના આચાર્ય ગીતેષભાઈ એ પટેલના માર્ગદર્શન મુજબ વિષયની તૈયારીઓ સુંદર ઓપ આપવામાં આવ્યો હતો. તથા સફળથા મેળવવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને રાજયકક્ષાની સ્પર્ધામાં સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન નકશાનું આયોજન

ગાંધીનગર, તા. ૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી) ગાંધીનગર શાખા સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા અભ્યાસની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃતિ કરવામાં આવે છે તેના સંદર્ભમાં વિષય શિક્ષક સતિષભાઈ આર પટેલે સુપરવાઈઝર ભગવતીબેન પટેલ માર્ગદર્શન નીચે ધોરણ ૬ સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત નકશા કેવી રીતે બનાવવા તેના પ્રકાર ઉપયોગ વિશે વિદ્યાર્થીઓ પાસેથી જૂદા નકશા એકત્રિત કરી અભ્યાસની સાથે વિદ્યાર્થીનીઓ માં કલા કૌશલ્ય નો વિકાસ થાય તે હેતુથી





એક સુંદર સહઅભ્યાસિક પ્રવૃતિનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નીરૂબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## સમૂહ સફાઈ કાર્યક્રમ હાથધરી મહાદેવ દેસાઈનો જન્મદિવસ ઉજવાયો

ચિલોડા,તા. ૩
ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ઉચ્ચ શિક્ષણનું કામ કરતા ગ્રામસેવા કેન્દ્ર - સાદરાનું નામ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ રાખવામાં આવ્યું છે, એવા ગાંધીજીના અંગત સચિવ મહાદેવ દેસાઈનો જન્મદિવસ મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના બીએ, એમએ, વિભાગ દ્વારા સમૂહ સફાઈ કાર્યક્રમ હાથ ધરી ઉજવવામાં આવ્યો હતો.

સંકુલના વિવિધ વિભાગો જેવા કે શતાબ્દી બાગ, શતાબ્દી આંબાવાડી, શતાબ્દી ફૂલવાડી, શતાબ્દી ઔષધ બાગ, લીમડા વન, મુખ્ય ગ્રંથાલય, ગાંધી ખાદી ગ્રામઉદ્યોગ, આરોગ્ય કેન્દ્રની આસપાસ સમૂહ સફાઈ કાર્ય કરી સ્વચ્છ સંકુલ - સ્વચ્છ સફાઈ



કાર્યક્રમનું આયોજન સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહપતિ મોહનભાઈ પટેલ અને જયેશભાઈ જોષીના આયોજનથી સૌ સેવકોના સાથ સહકારથી સમૂહ સફાઈ કરી મહાદેવ દેસાઈનો જન્મદિવસ ઉજવાયો હતો.



કોલવડા આંબલીવાળા ગોગા મહારાજ પરિવાર તરફથી ગાંધીનગરમાં જરૂરિયાતમંદ ગરીબોને શાલ તથા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમાં ભુવાજી ઈશ્વરભાઈ દેસાઈ અને સેવકગણે ધાબળા ઓઢાડી ગરીબોને ઠંડીથી રક્ષણ મળી રહે તેવું પુણ્ય કાર્ય કર્યું હતું.



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ગામે વૃદ્ધો અને વિધવા મહિલાઓને ધાબળા તથા અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં ડૉ. અતુલ પંડ્યા, દેવશ્રી અને મિલિન્દભાઈ, તથા ડૉ. સુરેશ શાહના પુત્ર સ્મિતની પુણ્યતિથિ નિમિત્તે યોગદાન પ્રાપ્ત થયું હતું.

## યુવા સેના દ્વારા બેઘર લોકોને ધાબળા વિતરણ

યુવાસેના અમદાવાદ તરફથી ૨૦૨૧ના નવા વર્ષ નિમિત્તે જે લોકો બેઘર અને ફુટપાથ પર રહીને પોતાનુ જીવન ગુજારે છે અને આ શિયાળાની કડકડતી ઠંડીમાં નિઃસહાય લોકો પર એક નજર યુવસેનાની પણ પડી છે એટલે અમદાવાદના નારણપુરા, ઈક્રમટેક્સ, પાલડી જેવા વિસ્તારોમા ધાબળા નુ વિતરણ કરવામા આવ્યુ જેમા અમરજીત વસંદાની, તેજસભાઈ, સંજય સોની, દિપ બેકરી, જીલ્લા આઈટી સેલના પ્રમુખ આકાશ શાહ, અને ડૉ. રાજેશ ભોજક એમના સાથ સહકાર, સલાહકાર અને સમર્થકો સાથે મળીને હર હમેશા યુવસેના આવી પરિસ્થિતિમાં સામનો કરવા માટે તત્પર અને ખડેપગે રહ્યા હતા. આ કાર્યક્રમમાં યુવાસેના ગુજરાત પ્રદેશ પ્રભારી સુનીલ પંચાલ, પ્રદેશ મંત્રી રવિ રામચન્દાનિ, અમદાવાદ જિલ્લા પ્રમુખ ગણપત બજાણીયા, જિલ્લા મહિલા જિલ્લા પ્રમુખ આશકાબેન પટેલ, શહેર પ્રમુખ ભાગ્યેશ કપુરિયા, તથા વોર્ડ પ્રમુખ માં હરેશ પટેલ, ભાવેશ ગોસ્વામી, મનોજ પટેલ, લતા વાઘેલા, નીત્તલ ગજ્જર, નિર્મલા બેન આર્યા અને અન્ય કારોબારી સભ્ય સાથે મળીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



## જન્મદિને વધામણી



સૂર્યસિંહ ડાભી
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬



મેહુલભાઈ દોશી
જૈન સોશિયલ ગ્રુપ
મો. ૯૯૨૪૧ ૨૭૩૮૨



અનિલ લક્ષ્મીચંદ બોરા



મહેશસિંહ રાઓલ
મો. ૯૮૨૪૧ ૬૧૨૧૫



શૈલેષભાઈ એમ અલસીકા
મો. ૯૯૭૮૪ ૦૬૦૫૯



કૃણાલ મોરજીકર
સિનિયર પત્રકાર




પાર્થ પટેલ
મો. ૮૩૪૭૧ ૨૧૮૭૧



રૂદ્ર ગૌરવ રાઠોડ
મો. ૯૪૦૯૫ ૧૪૫૭૦



ગર્વી ગુંજન પટેલ



ઝયાસા પ્રિયેશ પટેલ
મો. ૯૪૨૬૫ ૮૨૫૯૪